# શહેરમાં બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

**ધોરણ-૧૦માં ગુજરાતીનુ પેપર સરળઃ ભ્રષ્ટાચાર તેમજ જો હુ વડાપ્રધાન હોઉં તો જેવા રસપ્રદ વિષય અંગે નિબંધ પુછાયો : ધોરણ-૧૦માં ૨૫૬૬૧ પૈકી ૪૬૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા : ધોરણ-૧૨માં ભૌતિકશાસ્ત્રમાં ૫૮૧૩ પૈકી ૧૫૯ હાજરી ઘટી : પેપર એકંદરે સરળ વિદ્યાર્થીઓનો હાંશકારો**





ગાંધીનગર તા ૮

ધોરણ-૧૦અને ૧૨ની બોર્ડ કસોટીનો આજે શાંતિપુર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલમાં શિક્ષણમંત્રીએ ગુલાબનુ ફુલ આપી વિદ્યાર્થીઓને પરિક્ષાની શુભેચ્છા પાઠવી હતી. જયારે સે-૭ ચૌધરી કન્યા વિદ્યાલય તેમજ સેન્ટ ઝેવિયર્સ શાળામાં પણ શિક્ષણમંત્રીએ પરિક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી પરિક્ષાનો પ્રારંભ કરાવ્યો હતો. ધોરણ-૧૦માં ગુજરાતી વિષયનુ પેપર સરળ રહયુ હતુ.જિલ્લામાંથી ૨૫૬૬૧ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી.જયારે ૪૬૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.ગુજરાતીમાં ભ્રષ્ટાચાર તેમજ જો હુ વડાપ્રધાન હોઉ તો ..જેવા રસપ્રદ વિષય અંગે નિબંધ પુછાયો હતો.ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક શાસ્ત્રનુ પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જેમાં ૫૮૧૩ પૈકી ૧૫૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી બોર્ડ પરિક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની તબિયત નાદુરસ્ત હોવાથી સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.સે-૨૩ સ્થિત કડી કેમ્પસમાં તેમણે વિદ્યાર્થીઓને ગુલાબના ફુલ અને ચોકલેટ આપી ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

● અનુસંધાન પાન-૭ પર




(તસવીર : દિપક જાની)

## ભણવાની કોઈ ઉંમર ન હોય... ૩૫ વર્ષની ઉંમરના પરિક્ષાર્થીઓ જોવા મળ્યા...

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષાના પ્રારંભે આજે ગુજરાતી વિષયની પરિક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ અને રસપ્રદ રહી હતી. શાંતિપુર્ણ માહોલમાં શરૂ થયેલી પરિક્ષા દરમિયાન વિદ્યાર્થીઓમાં પણ અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે પરિક્ષા દરમિયાન વર્ગખંડોમાં ૩૫ વર્ષની ઉંમરના પરિક્ષાર્થીઓ પણ જોવા મળ્યા હતા. શિક્ષણ મેળવવાની કોઈ ઉંમર હોતી નથી. શિક્ષણ મેળવવા અને શિખવા માટે કોઈ ઉંમર ન હોય..દરેક વ્યકિત આજીવન વિદ્યાર્થી છે. તે વાતને ચરિતાર્થ કરતા પણ દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. કેટલાક વર્ગ ખંડોમાં મોટી ઉંમરના પરિક્ષાર્થીઓ પણ વિદ્યાર્થીની અદામાં પેપર લખતા જોવા મળ્યા હતા.

## હાથ વગરના દશરથે પગની મદદથી પેપર લખ્યુ



વ્યકિતનો આત્મવિશ્વાસ..અતુટ મનોબળ..ગમે તેવી પરિસ્થિતિ સામે લડવાની ક્ષમતા પુરી પાડે છે. જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરી કસોટી પાર કરવાનો મજબુત હોંસલો ધરાવતા વિદ્યાર્થીઓ આજના વિદ્યાર્થીઓ માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ બની રહે છે. ધોરણ -૧૦માં આજે વસંતકુંવરબા વિદ્યાલયમાં એક વિદ્યાર્થી પગથી ઉત્તરવહી ભરતો નજરે પડયો હતો.ઉવારસદ સ્થિત સદવિચાર પરિવાર સંચાલિત વિકલાંગ વિદ્યાલયના ધોરણ-૧૦ના દશરથ છેડભાઈ હડીયલને હાથ ન હોવાથી તેણે પગની મદદથી પરિક્ષા આપી હતી. જો કે જિલ્લા શિક્ષણાધિકારીએ તેને લહીયા સાથે પરિક્ષા આપવા માટે સમજણ આપી હતી. જેના પરિણામે હવે આગામી પ્રશ્નપેપરમાં આ વિદ્યાર્થી લહીયા સાથે નજરે પડશે.

# ગાંધીનગર વાઈરલ ફિવરગ્રસ્ત

**ડેન્ગ્યુના પણ છુટા છવાયા કેસો દેખાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવર અને બિમારીના સંખ્યાબંધ દર્દીઓથી નગરની હોસ્પિટલો ઉભરાઈ રહી છે.

હવામાનમાં આવેલા બદલાવને પગલે ડેન્ગ્યુ જેવા વાહકજન્ય તેમજ કમળાના પાણીજન્ય રોગચાળાએ પણ માથુ ઉંચક્યુ છે. ડેન્ગ્યુના છુટા છવાયા કેસો નગરમાં દેખા દઈ રહ્યા છે.

બે ઋતુઓના આ સંક્રમણ કાળને કારણે વાઈરલ ફિવરની બિમારીમાં ભારે ઉછાળો આવ્યો છે. શરીર દુઃખવાની, ઉધરસ, ગળુ પકડાઈ જવુ, પેટમાં દુઃખાવાની ફરિયાદો સાથે દર્દીઓ હોસ્પિટલમાં તબીબો પાસે સારવાર માટે દોડી રહ્યા છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ વખતે સતત હવામાન બદલાતુ રહ્યુ હોવાથી આ રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થયો હોવાનું તબીબો પણ સ્વીકારી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ અને કમળાના પણ છુટાછવાયા કેસો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બે વર્ષમાં ૩૧,૩૫૨ નોંધાયેલા બેરોજગારો છે

**શહેરની ૧૦ શાળાની ૫૬ બાળાઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ વિતરણ કરાયું છે : વોરા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોની નોંધણી અને અપાયેલી રોજગારી અંગે કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં ૩૧,૩૫૨ બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં થઈ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં ૧૩,૩૯૮, કલોલમાં ૭૬૪૪, માણસામાં ૫૪૩૮ અને દહેગામમાં ૪૮૭૨ બેરોજગારો નોંધાયેલા છે.

આ પૈકી રાજ્ય સરકારે બે વર્ષમાં ૫,૫૯૭ બેરોજગારોને રોજગારી આપી છે. જેમાં ગાંધીનગરના ૪૩૨૦ યુવાનો, કલોલમાં ૬૭૨, માણસામાં ૩૪૭ અને દહેગામના ૨૫૮ યુવાનોનો સમાવેશ થાય છે.

**● વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના**

ભાજપના શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના અંતર્ગત મળેલ ૫૫૧ અરજીઓ પૈકી ૫૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

મંજૂર કરાયેલ અરજીઓથી લાભાર્થીઓને રૂ. ૬,૯૮,૫૦૦ની શિષ્યવૃત્તિ આ વર્ષ દરમ્યાન ચુકવવામાં આવી છે.

**● માણસા તાલુકામાં ક્ષારયુક્ત પાણી**

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ગામોમાં પીવાના પાણીમાં ક્ષારનું પ્રમાણ ઊંચું હોવાનું જણાયા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના તમામ ગામોને નર્મદા કેનાલ આધારિત જી-૩ જૂથ પાણી પુરવઠા યોજનાની કનેક્ટીવીટી આપવામાં આવેલ છે. નર્મદાના આ પીવાના પાણીમાં ક્ષારનું પ્રમાણ ઊંચું જણાયું નથી.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે નર્મદા કેનાલ આધારિત જી.૩ પાણી પુરવઠા યોજના દ્વારા માણસા તાલુકાના ગામોને પીવાલાયક પુરતુ પાણી આપવામાં આવે છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે આજ કારણોસર સાબરમતી નદીમાં ફ્રેન્ચવેલ બનાવી પાઈપલાઈન નાખવાનું કોઈ આયોજન પણ કરવામાં આવ્યું નથી.

**● કન્યાઓને સાયકલ**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અનુ. જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજી મળી તેના પ્રત્યુત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૪૨૭ અરજી મળી હતી.

આ પૈકી ૪૨૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૪૨૫ બાળાઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું છે.

**● ગાંધીનગર શહેરની કન્યાઓને સાયકલ સહાય**

કોંગીના શ્રી મણિલાલ વાઘેલાએ ગાંધીનગર શહેરની ખાનગી અને ગ્રાન્ટેડ શાળાની ધો. ૯ની અનુ. જાતિની બાળાઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત અપોલ સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં ૧૦ શાળાની ૫૬ અનુ. જાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવી છે.

**● કલોલ કોર્ટમાં વધારાના માળનું બાંધકામ**

ભાજપના શ્રી અશોક પટેલે કલોલ ખાતે હયાત કોર્ટના બિલ્ડીંગમાં વધારાના માળના બાંધકામ માટેની મંજૂરીને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના ન્યાયતંત્રના મંત્રીશ્રીએ જણાવ્યુંછે કે ૨૦૧૫-૧૬માં તા. ૨૦-૧-૧૬ના રોજ આ મંજૂરી અપાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની બજેટ બેઠક માર્ચના અંતિમ સપ્તાહમાં

**વ્યસનમુક્ત સમાજરચના માટે ખાસ જોગવાઈ કરવા પંચાયત પ્રમુખની તંત્રને તાકીદ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક આ માસના અંતિમ સપ્તાહમાં મળશે. બજેટ તૈયાર કરી અને તેને આખરીરૂપ આપવામાં તંત્ર વ્યસ્ત બન્યું છે. તંત્રના અધિકારીઓ અને પંચાયત પ્રમુખ વચ્ચે બજેટ અંગેની સમન્વય બેઠક પણ સંપન્ન થઈ ચુકી છે.

મળતી વિગતો પ્રમાણે બજેટ બેઠક માટે સામાન્ય સભા બોલાવવા માટે ૧૫ દિવસનો સમય આપવો જરૂરી છે. આગામી સપ્તાહમાં રજાનો માહોલ છે તેવા સંજોગોમાં છેલ્લા સપ્તાહમાં ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવશે.

બજેટ અંગે જિલ્લા પ્રમુખે પંચાયતના તમામ શાખાધિકારીઓ સાથે કરી હતી જેમાં લક્ષ્યાંકો અને થયેલ કામગીરીની જાણકારી મેળવી કેટલાક વધુ લક્ષ્યાંકો નિયત કરવા પર ભાર મુક્યો હતો.

૩૧મી માર્ચ પહેલા અંદાજપત્ર પસાર કરવું જરૂરી હોવાથી તંત્રએ પણ હવે તેની તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. મળતી માહિતી પ્રમાણે પંચાયત પ્રમુખશ્રી રામાજી ઠાકોરે કેટલીક જોગવાઈઓમાં સુધાર કરવા ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

મહિલા સશક્તિકરણ - મહિલા દિને વિશ્વભરમાં નારી ઉત્થાન માટે અને સશક્તિકરણ માટે પાર્લામેન્ટથી લઈ શાળા-કૉલેજમાં ચર્ચાઓ થઈ... સન્માનો થયા... એવૉર્ડો અપાયા... મહિલા ફિલ્મો પ્રદર્શિત કરાઈ... ઘણું બધું થયું - સારૂ થયું. પરંતુ હજુ વધુ સારૂ ત્યારે જ ગણી શકાય કે આવી તસવીર પ્રસિદ્ધ કરવાનો વખત ના આવે... સશક્તિકરણની સાચી વ્યાખ્યા આ ઉંમર લાયક મહિલા કોઈ અલગ જ અંદાજમાં ચરિતાર્થ કરે છે... કોઈ આધાર નથી, કોઈ આશ્રય નથી... માત્ર ને માત્ર અંદરના વિશ્વાસથી જીવન પસાર કરે છે....

# આજથી ગાંધીનગરમાં બાળ ફિલ્મ મહોત્સવ

**પ્રાથમિક શાળાઓના ૫૦,૦૦૦ જેટલા બાળકો અને ૧૦૦૦થી વધુ શિક્ષકો લાભ લેશે : શિક્ષકોએ કરેલા ૩૫ જેટલા એજ્યુકેશનલ ઈનોવેશન્સનું પ્રદર્શન યોજાશે**

ગાંધીનગર, તા. ૮

બાળકો ફિલ્મના માધ્યમથી શિક્ષણ મેળવે, શિક્ષકો શિક્ષણના નવા આયામો કેળવે અને શિક્ષણ ક્ષેત્રે સર્જનાત્મક અભિગમ ઉમેરાય એવા ઉદ્દેશથી ગાંધીનગરમાં તા. ૯-૧૦-૧૧ માર્ચ, ૨૦૧૬ દરમિયાન બાળ ફિલ્મ મહોત્સવ અને એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનું ભવ્ય આયોજન કરાયું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન-અમદાવાદ અને આઈ.આઈ.એમ., અમદાવાદના સહયોગથી ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજીત આ મહોત્સવનો ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી તા. ૯મી માર્ચે સવારે ૧૦.૦૦ કલાકે ટાઉનહોલ ખાતે શુભારંભ કરાવશે. ગાંધીનગર શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓના ૫૦ હજાર જેટલા બાળકો અને ૧ હજાર જેટલા શિક્ષકો આ ફિલ્મ મહોત્સવ અને ફેરનો લાભ લેશે.

બાળ ફિલ્મ મહોત્સવ અને એજ્યુકેશનલ ઈનોવેશન ફેરના શુભારંભે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણાકાન્ત જહા અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. ત્રણ દિવસના આ મહોત્સવ અંતર્ગત ફિલ્મ સ્ક્રિનિંગ, ફિલ્મ મેકિંગ વર્કશોપ, ઈવોવેશન પ્રેઝન્ટેશન અને ઈનોવેશન પ્રદર્શન જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે.

બાળ ફિલ્મ મહોત્સવ માટે બાળકો અને શિક્ષકોએ ૩૧ જેટલી ફિલ્મોનું નિર્માણ કર્યુ છે. એસ.ટી.ટી.આઈ., વિદ્યાભવન કેમ્પસ, સેક્ટર-૧૨ ખાતે તા. ૯ અને ૧૦ માર્ચ દરમિયાન સવારે ૧૦.૩૦ વાગ્યાથી આ ફિલ્મોનું સ્ક્રિનિંગ અને વર્કશોપ યોજાશે. જિલ્લાના ૧ હજાર જેટલા શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ પ્રક્રિયામાં ભાગ લઈને વિચાર-વિમર્સ કરશે.

આ મહોત્સવ દરમ્યાન ૧ હજારથી વધુ શિક્ષકોને ફિલ્મ નિર્માણની પ્રક્રિયા અને ફિલ્મ નિદર્શનની તાલીમ પણ આપવામાં આવશે.

શિક્ષકો દ્વારા શૈક્ષણિક પ્રક્રિયામાં સતત પ્રયોગો કરતા રહેતા

● અનુસંધાન પાન-૭ પર

## શ્રમિક પરિવારા બાળકો માટે બાળ ફિલ્મ નિદર્શનની ખાસ વ્યવસ્થા

ગાંધીનગર તા ૮

આજથી શરૂ થતા બાળ ફિલ્મ મહોત્સવની ઉજવણીથી નગરના શ્રમજીવી બાળકો વંચિત ન રહી જાય તેવા ઉમદા આશયથી શ્રમિક પરિવારોના બાળકોનો શિક્ષણક્ષેત્રે વિકાસ થાય તે માટે કલ્ચરલ ફોરમ દ્વારા શહેરી વિસ્તારની ઝુંપડા વસાહતના બાળકો માટે બાળ ફિલ્મનુ નિદર્શન કરવા અલાયદુ આયોજન કરવામાં આવ્યુ છે. કલ્ચરલ ફોરમના સ્વયં સેવકોની ટીમ દ્વારા શહેરમાં તા ૯ માર્ચના રોજ રાત્રીના ૮ થી ૧૦ કલાક દરમિયાન સે-૧૩ ઝુંપડપટ્ટી વિસ્તાર, જી ઈ બી ઝુંપડા વસાહત, બોરીજ ,આદીવાડા તેમજ ધોળાકુવા સહીતના વિસ્તારમાં બાળફિલ્મ દર્શાવાશે આ ઉપરાંત તા ૧૦ માર્ચના રોજ ઘ-૫ શ્રમજીવી વસાહત,સે-૨૪ આર્ય સમાજ વિસ્તાર,રેલ્વે સ્ટેશન વિસ્તાર સહીત પાલજ અને ઈન્દ્રોડા સહીતના શહેરી વિસ્તારના ગામોમાં સ્થિત ઝુંપડા વસાહતના બાળકોને પણ બાળ ફિલ્મ બતાવાશે. કલ્ચરલ ફોરમ દ્વારા કેરેવાનની મદદથી ફિલ્મનુ નિદર્શન કરવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com